# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ રાજયની તમામ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમા ધરાવતી રાજયની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, શાળાના સંચાલકશ્રીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાના વર્ષ-૨૦૨૪ ની બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઇન ભરવાની અંતિમ તારીખ.૦૬/૦૧/૨૦૨૪ છે, જે શાળાઓએ પ્રિન્સીપાલ એપ્રુવલ આપવાનું બાકી છે તેઓએ તાત્કાલિક પ્રિન્સીપાલ એપ્રુવલ આપી દેવાનું રહેશે. આવેદનપત્રમાં કોઇપણ પ્રકારના સુધારા કરવાના બાકી હોય કે પ્રિન્સીપાલ એપ્રુવલ આપવાનું બાકી હોય તો તે કામગીરી પૂર્ણ કરવાની અંતિમ તારીખ.૦૮/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધીની રહેશે અને બાકી રહેતી ચૂકવવાની થતી ફી તારીખ.૧૫/૦૧/૨૦૨૪ સુધી ભરી શકાશે. કોઇ પણ પ્રકારની વિસંગતતાના કારણે ઓનલાઇન આવેદનપત્ર ભરવામાં મુશ્કેલી થયેલ હોય તેવા કિસ્સામાં તમામ દસ્તાવેજો સાથે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીનો રૂબરૂમાં સંપર્ક કરી સમયમર્યાદામાં આવેદનપત્ર ભરવા જણાવવામાં આવે છે.

જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી.

(એમ.કે.રાવલ)
નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:- ૦૫/૦૧/૨૦૨૪
સ્થળ :- ગાંધીનગર